**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૩/૧૨/૨૦૧૭ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૪૯૯/૧૭**

**રખિયાલ પોલીસ સ્ટેશન :**

આજ રોજ તા-૧૨/૧૨/૧૭ ના રોજ અમો પો.સ્ટે ખાતે ફરજ ઉપર હાજર હતા તે વખતે રખિયાલ વન ગાડી તરફથી કન્ટ્રોલના કલાક ૧૭/૨૨ વાગ્યાનો કન્ટ્રોલનો મેસેજ મળેલ કે સોમા ટેક્ષટાઇલ સામે સાશ્વત બિજનેશ પાર્કમા નવા બનતા બાંધકામની જગ્યા અમિતકુમાર સુપરવાઇઝર બે બાળકો ઉ.વ.૩ થી ૪ વર્ષના મળી આવેલ છે તેમના કોઇ વાલી વારસ નથી જે મેસેજ આધારે રખિયાલ સિનિયર પો.ઇન્સ સી.આર.રાણા સાહેબના માર્ગદર્શન હેઠળ અમો પો.સ.ઇ બી.પી.ભેટારીયા તથા પો.સ.ઇ પી.કે.મેર તથા ઇન્વે એ.એસ.આઇ મનહરભાઇ કમજીભાઇ બ.ન.૫૮૭૫ તથા સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે સદરી બન્ને બાળકોને લઈને તેના વાલીવારસની શોધખોળ તપાસ કરવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમા ફરતા ફરતા મચ્છી માર્કેટ પાસે આવેલ રખિયાલ રંગવાળી ચાલી ખાતે તપાસ કરતા સદરી બન્ને બાળકોના માતા પિતા મળી આવતા તેમના પિતા મોહમદ તબરેજ આલમ કમરૂજમા શેખ ઉ.વ.૩૫ રહે મ.ન.૬૯ રંગવાળી ચાલી રખિયાલ અમદાવાદ શહેર તેમજ માતાઅજમતીખાતુન વા/ઓ મોહમદ તબરેજ આલમ કમરૂજમા શેખ ઉ.વ.૩૪ રહે-સદર નાઓને બન્ને બાળકો બાબતે પુછપરછ કરતા જણાવેલ કે બન્ને બાળકો પોતાના છે જેમા મોટા દિકરાનુ નામ ગુલામ મુસ્તુફા ઉ.વ.૪ નો તથા નાનો દિકરો અલ્તમસ ઉ.વ.અઢી વર્ષનો છે જેઓ બન્ને ઘરેથી રમતા રમતા બહાર નીકળી ગયેલ હોવાનુ જણાવતા હોય જેથી બન્ને બાળકોની ખરાઇ કરી બન્ને બાળકોને તેના માતા પિતા સાથે મિલન કરાવી બન્ને બાળકોને તેના માતા પિતાને સોપવામા આવેલ છે.તા-૧૨/૧૨/૧૭

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**